શ્રી કૃષ્ણઃશરણમ્

ચંદ્રા કેશરી.

નવિન નાટકનાં ગાયનો.

વધારા ઘટાડા સાથે

સુકર્મણઃ જયઃ   દુષ્કર્મણઃ ક્ષયઃ

સંશોધક.

રા. રા. મગનલાલ ભાઇશંકર પાઠક.

તૈયાર કરનાર,

રા. રા. મણિલાલ બહેચરલાલ, પંડ્યા.

મુકામ—પેટલાદ.

છપાવી પ્રસીદ્ધ કરનાર

રા.રા. ગોરધનદાસ પીતામ્બરદાસ પુરોહિત.

ફોટોગ્રાફર પેટલાદ.

અમદાવાદ—"વિજય પ્રવર્ત્તક" પ્રેસ.

પ્રથમાવૃત્તિ.   પ્રત ૧૦૦૦

કીંમત. ૦-૨-૦

श्लोक.

प्रीणाति यः सुचरितै पितरं स पुत्रो
यद्भर्तुरेव हितमिच्छति तत्कलत्रम्
तन्मित्रमापदि सुखे च समक्रियं य
देतत्त्रयं जगति पुण्यकृतो लभन्ते ॥

श्री कृष्णःशरणम्

ચંદ્રા કેશરી.

નવિન નાટકનાં ગાયનો.

વારાંગના— ગાયન પહેલું.

રાજેન્દ્રકેશરી તોમતોમતનતન ગાવેબજાવે સેવકસઘળા. રાજેન્દ્ર.
છકછા છકછા છનનનનનનન, નાચે નાચ અને સરગમ ગાએ.
ધસાની ધપ પમ મરેમ મપપ, તાલ બજાવે ધાધીન કીટધા.
ધીન કીટધા ધીન કીટધા તેધા, કિટતક ધીન કિટધા. તત્તાથૈથૈ.
તત્તાથૈથૈ, રૂમઝુમ રૂમઝુમ, છુમછુમ છકછકછા. રાજેન્દ્ર.

વારાંગના— ગાયન ૨ જું.

કેસરીસિંહ મહારાજની, જામો કીર્તિ જગમાંય. કેશરી.
રહેસત્તા અવીચળ આ રાજની, સદા જયજય બોલાય. કેશરી.
પ્રજાપર પ્રીતિ આપની, જોઇ આનંદ થાય. કેશરી.
શિરોમણી શિરતાજની થાઓ ચડતી સદાય. કેશરી.

કેશરી— ગાયન ૩ જું.

પ્રધાન કહોમુજ રાજ રીતિ, રાખો કેવી પ્રજાપર પ્રીતિ. પ્રધાન.
બાંધ્યા નવીન શું શહેરના ધારા, ને.કરની કેવી નીતિ. પ્રધાન.
ન્યાય ચાલે છે શી રીતે, કહો હોય જે વીતિ. પ્રધાન.

પ્રધાન— ગાયન ૪ થું.

સુણો કંચન પુરના રાજ કેશરી મહારાજ.
ચાલે સલાહ સંપથી સદા આપનું રાજ.
છે પ્રજા આપની સદા વચન પાળનારી.
કરે કામ નીતિથી અનીતિને વીસારી.
ચાલે વસ્તીમાં વેપાર વણુજ બહુ સારા.
સૌ કજીઆ ને કંકાસથી રહે છે ન્યારા.

કેશરી— ગાયન ૫ મું.

ચાલો જઈએશીકારીવનમાંરેથાયઆનંદઅતિશયતનમાંરે.ચાલો.
શીકાર કરવો સિંહને મારવો એવો વિચાર મારા મનમાંરે. ચાલો.

ચંદા— ગાયન ૬ ઠું.

આહા! શી છટા છે આ વનની, ઉદાસી ટાળે સૌ જનની;
કરીને શાંતી તે તનની. ઉદાસી.
લીલાં કંચન ઝાડ આ આપે છે બહુ બહાર,
પ્રીતમ પ્યારી પ્રેમથી, બતાવે છે જ્યાર;

પુરે છે આશ તે મનની. ઉદાસી.
કરીને પ્રીત પ્રીતમની. ઉદાસી.

સુંદર સ્વરથી બોલતાં, પક્ષીઓ સંભળાય,
આનંદ તે મનને કરે, રંજન દીલ બહુ થાય;
શીતળતા છે આપવનની. ઉદાસી.
ખુબી છે સ્વર્ગ ભુવનની. ઉદાસી.

કેશરી— ગાયન ૭ મું.

શું થઇ અચાનક ગયું આ નારીને,
બે શુદ્ધ થઇ પડી ગઈ થયું શું પ્યારીને.
મુખ તારૂ જોઇ જાય છે શશી ખશી,
જીતી લીધું તે મન મારૂં નયન મારીને.
ઉઠ પ્યારી પાસ મારી આવને હસી,
તુજ વીના રૂઝાવે કોણ ઘાવકારીને.
સ્તન રૂપી તીર મારી નયન રૂપી બાણ,
ફંદે ફસાવ્યો પ્રેમને તે પ્રીત પસારીને.

ચંદા— ગાયન ૮ મું.

છબી આ છબીલી, દીસે છે રસીલી;

દીસે છે રસીલી, રંગે રંગીલી. છબી.
કામબાણે મને કતલ કરીને પ્રેમે રંગરસ માંહે ભીંજેલી;
વદન મનોહર શોભે સુંદર, આંખ દીસે અલબેલી છકેલી. છબી.

કેશરી— ગાયન ૯ મુ.

લીધો આજ મને તેં લપટાવી, બહુ ખુશીથી નયનો નચાવી. લીધો.
પ્રેમની દોરીએ મુજને બાંધી, દીધો છે કેદી બનાવી, લીધો.
પ્યારમાં ગુંથાણો પ્રેમથી બંધાણો, પ્રીતે દીધો પીંગળાવી. લીધો.

ચંદા— ગાયન ૧૦ મું.

શું મુખે બોલાય (૨)
નહિં વર્ણન તુજ રૂપ ગુણનું થાય,
આપથી પ્યારા જુદું નહિં રહેવાય;
ન્યારા થાઓ અહિંથી તો જીવ ઉડી જાય,
સિંહનું ભક્ષ શિયાળ નવ ખાય;
સ્વામી કરી સ્થાપ્યા તમને થવાનું તે થાય.

ચંદા-કેશરી— ગાયન ૧૧ મું

પ્રીતમ પ્રીતમાં રસીક રીતમાં ડુબી ડુબી.
મનહર ખરેખર પ્રાણથી પ્યારી, સુખ કરનારી છો તું મારી. ડુબી.
પ્રાણનાથ પ્યારા મારા, શું કરૂં વખાણ તારા,

પ્યારાને હું જાવું વારી, મીઠી છે બહુ વાણી તારી;
પ્રાણ પતીરે, પ્રેમ વતીરે, મીઠી વાણી વદતી,
પ્યારા, પ્યારા, પ્યારા, તારા રંગમાં રમી;
સુજાણ પ્યારી, છું પ્રાણ પ્યારી, દીલજાન મારી.

કેશરી— ગાયન ૧૨ મું.

નીહાળી નારીને, લાગ્યું છે ખંજર;
માર્યો ઘાવ પ્રેમનો, કલેજા અંદર. નીહાળી.

ચંદ્ર સમ મુખ ચંદા, જોઇ તારૂં;
બન્યો છું બાવરો, પ્રેમપાસ અંદર. નીહાળી.

કામ રૂપી તીર મારી, કલેજું કાપ્યું;
નયન બાણે વીંધ્યું છે. હાડપીંજર. નીહાળી.

ચંદા— ગાયન ૧૩ મું.

તમે લાગોછો બહુ પ્યારા, મુજ માત પિતારે;
છો મુજ શુભ ઇચ્છનારાં. મુજ.
સ્વયંવરનો લહાવો લઇએ. મુજ.
સ્વામી શોધી સુખી થઇએ. મુજ.
સ્વયંવર કરી પુરો આશ. મુજ.
થાય મનમાં બહુ ઉલ્લાસ. મુજ.

ચંદાની સાહેલીઓ— ગાયન ૧૪ સું.

સાહેલી મળીને સંગ, રાજ બગીચે જઇએ;
આજે આનંદને ઉમંગ, રાજ બગીચે જઇએ.
સુંદર મનોહર પુષ્પ ખીલ્યાં છે;
ભભકે છે ભારી સુગંધ. રાજ બગીચે જઇએ.
જાઇ જુઇને ચંપો ચંબેલી;
જોતાં આવે આનંદ. રાજ બગીચે જઇએ.

ચંદા— ગાયન ૧૫ સું.

બાગની આહાશું, ખુબી દેખાય;
પ્રીતમથી પ્રેમ બાંધી, વૃક્ષ હરખાય. બાગ.
જાઇ જુઇને ચંબેલી, વૃક્ષ પર ચઢી વેલી.
જોઇ થાવું ઘેલી, વીરહ ના વેઠાય. બાગ.
કામ રૂપી તીર મારી, કરી મને દુઃખીઆરી;
કેશરી કેશરી કરી, થાકી હાય. બાગ.

કેશરી— ગાયન ૧૬ સું.

આશ નીરાશ થઇહાયહવે તો, મળીન મુજનેમારી પ્યારી. આશ.
અંતર અંદર મારી ખંજર, દુર થઇ ચંદા તું દગારી. મળી.
થઇ તું પ્યારી મુજથી ન્યારી, થાકયો હવેહું કરીશોધ તારી. મળી.

કેશરી— ગાયન ૧૭ મું.

ચતુર ચતુર ચતુર, ચેતી હું ગયો છું પ્યારી;
આંખ ન દબાવ મારી, ચંપકવરણી ચંપક નારી.
પડીછે શું આજ મારી, કસુર કસુર કસુર;
ચંદા મારી પ્રાણ પ્યારી, છોડ હવે તું વીચારી,
આવી ઉભોછું હું તારી. હજુર હજુર હજુર હજુર.

ચંદા— ગાયન ૧૮ મું.

મારા પ્રીતમ પ્યારા, દીલ હરનારા સુખ કરનારા,
પ્યારા મારા, આંખોના તારા. મારા.
આજે મારા, અંગમાં સારા, વરસે પ્યારા, આનંદધારા,
આંખ અલબેલી, મસ્ત બનેલી, ઠનેલી;
જોઇ છકેલી છકેલી. થઇછું હું ઘેલી. મારા.

કેશરી ચંદા— ગાયન ૧૯ મું

પ્યારી મારીરે, દાસી તારીરે, ચંચળ નારીરે;
પ્રીત વધારીરે. પ્યારી.
પ્યાર પ્યાર પ્યાર પ્યાર, છો તમે હૈયાના હાર;
મારી પ્રાણધાર જાવું વારીરે. પ્યારા,

કેશરી ચંદા— ગાયન ૨૦ મું.

હવે પ્યારી રજા દ્યોતો જઇએરે,

કેમ જાવાના વચન કહીએરે;
થયો વખત હવે દુર થઇએ ચંચળ ચંદા પ્યારીરે,
કેમ કહેવાય મુખેથી થાવો વીદાય;
પ્યારી પ્રેમ તારો પળ પણ ન ભુલાય,
હવે વીયોગ નહિં વેઠાય શુદ્ધ લેજો સ્વામીજીરે.

ફુક્કડસિંહ— ગાયન ૨૧ મું.

થાય સ્વયંવર ચંદ્રનગરમાં વાંચી આનંદ થયો અંતરમાં;
હવે સ્વારીની કરો તૈયારી જાવું છે મારે સત્વર ત્યાં,
ચંદ્રસેનની લાડીલી ચંદા પરણુશે મને સ્વયંવરમાં,

કેશરી— ગાયન ૨૨ મું.

આવી પત્રિકા ચન્દ્રનગરથી થાય સ્વયંવર ત્યાં ભારી,
આમંત્રણુ આવ્યું આપણુને બોલાવ્યા છે સત્કારી;
હવે પ્રધાનજી કરો તૈયારી ભભકેથી ભરપુર સ્વારી,
લઇને જઇએ ચન્દ્રનગરમાં વરસે આનંદની ધારી;
હાથી ચાલે હીંચ લેતા ઘોડા થન થન થન નાચે,
પાયદળના પગે પડેથી ધરતી ધમ ધમ ધમ ગાજે.

ચંદા— ગાયન ૨૩ મું.

સખી અતી આનંદ અંગ ન માય,
પ્રેમ પ્રીતમને પરણીશ માણીશ, મોજ મન મલકાય. સખી.

શાણી સખી સ્વયંવરમાં જઇએ, સોળ સજીને શૃંગાર;
પ્રીતમ પ્યાર, પ્રાણાધાર, હૈયાહાર,
શોધી મનની આશા પૂરણ થાય. સખી.

ચંદાની સખીઓ— ગાયન ૨૪ મું.

રમો રસીલી આજ રાસ રંગથીરે,
અતિઆનંદનોછેદીનઆજ,સાહેલીઅલબેલી ગાવોને ઉમંગથીરે.
ગરબો સુંદર સ્વરેગાઓ પ્રીતથીરે,કરવાને મનહર્ષિત કાજ. સા૦

સાખી.

સરદ પુનમ સોહામણી, પૂર્ણ ચંદ્ર પ્રકાશ;
તેમ સોળે શૃંગારો સજી રમીએ રંગે રાસ.
નમીનમીનેઆપો તાલીતાલથીરે,ચાલોલટકેનેમટકેસૌસાથ સા.

સાખી.

શુભ દીવસ છે આજનો, આનંદ અંગ ન માય;
આજે ચંદા બેનના, લગ્ન આનંદીત થાય.
સહુહળીમળીરમોરૂડીરીતથીરે,મહામાંગલીકછે દીન આજ. સા૦

સખીઓ— ગાયન ૨૫ મું.

ગાઓ રંગે સખી નાચો ગાઓ રંગે;
તત્ત તત્ત થૈ થૈ તત્ત તત્ત થૈ થૈ થૈકાર કરતાં આનંદે ગાઓ.

છીમ છીમ છુમ છુમ રમઝુમ કરતાં હો સખી;
સાથે ઝાંઝરનો ઝમકાર. કરતાં
ચંદ્રસેનની બેટી ચંદાના લગ્નમાં;
થાય અનહદ જયજયકાર. કરતાં.

સખીઓ— ગાયન ૨૬ મું.

હીરા માણેકનો મંડપ રચ્યો,
ત્યાં મોતીના ચોક પુરાય,
સાહેલી સૌને આનંદ થયો.
વાહાલી ચંદાના લગ્ન થાય આજે છે દિન આનંદનો.
જયજયકાર થઇ રહ્યા,
આનંદ અંગ ન માય,
વાજાં વાગે અનેક રંગનાં,
શરણાઇના શોર સંભળાય, આજે છે દીન આનંદનો.

સર્વે પાત્રો— ગાયન ૨૭ મું.

કેશરી ચંદાનું જોડુ અમર કરી,
પ્રભુ આપજે સદા સુખી;
જુગોજુગ જીવો જોડુ આ દંપતિ,
સુધારજે સંસાર એનો આપી શુદ્ધ મતિ;

પુરી આશ પ્રભુ તેં મારી, મળી પ્યારી મળી પ્યારી,
પ્યારી છું દાસી તારી થયો જય જય જય જય જય.

અંક પહેલો ખલાસ.

ચંદાની સખી— ગાયન ૨૮ મું.

સખી સબુર સબુર કહે જાય છે કયાં,
જાવુંછું અંતઃપુરમાં આનંદ અતી ઉરમાં;
બાઇની હુજુરમાં છુમ છમક ધુમ ધમક,
ઝુમ ઝમક ઠુમ ઠમક. સખી.
જાવુંછું હું રંગભરી વાત આ ખરેખરી,
આવશે આનંદે કરી. રાજ મહેલે કેશરી;
બાઈ પાસે બહુ ઉલ્લાસે. સબુર.

ચંદા— ગાયન ૨૯ મું.

સાહેલી સૌ સત્વર આવો અહીં,
આજ મળી સૌ આનંદ કરીએ;

રંગભરી બહુ રમત રમીએ,
ખેલીએ બાઇ ચોરસ બાજી;
કેમ કહો બેન હાજી હાજી,
લાવો સત્વર જાઓ જાઓ;
લઇને ચોરસ આવો આવો,
લાવું ચોરસ દોડી જઇ. સાહેલી.

ચંદા— ગાયન ૩૦ મું.

પધારો પ્યારા પ્યારા પ્યારા છો મારા. પધારો.
આંખોના તારા છો પ્રાણનાથ પ્યારા, સુખ કરનારા. પધારો.
આજે આનંદ અંગમાં મારા, દર્શનદેખી તમારા;
આપ થાઓજો ન્યારા તો દુઃખના વધારા પ્રાણ પતિમારા. પધારો.

સાખી.

આજ ઘડી આનંદની આજે છે આનંદ દીન,
પ્રેમી પાસમાં ફસાવીને કરી છે આધીન.
તરશી છું પ્યારા હું પ્રેમની પ્યાસથી,
આલીંગન આપો આજે ઉલ્લાસથી, પ્યારા.

કેશરી— ગાયન ૩૧ મું.

છોચંદા (૩) ચતુરતું નારી ખરેસુજ મનને હરનારી,
પરણીને પ્યારી પ્રેમી બન્યો છું,

વરસી છે આનંદ ધારી. ખરેમુજ.
નાજુક બદનને નયન નચાવે,
કોકીલ કામણ ગારી. ખરેમુજ.

ચંદા— ગાયન ૩૨ મું.

હું હારી તનમન તુજ પ્યારથી પ્યારથી આધારથી. હું હારી.
સેવાની છું દાસી સ્વામી, પ્રાણ તણા મુજ અંતરજામી;
અલબેલા નિત્ય રહી આપ પાસ. રંગેથી તો રમીશું રંગ વીલાસ
થાય મનહર્ષિત ને ઉલ્લાસ, સુખકર દુઃખહર મનહર
દીલભર પ્યારથી.

કેશરી— ગાયન ૩૩ મું.

રંગીલી, રસીલી છબીલી તું નાર;
બનેલી ઠનેલી અલબેલી આધાર.
નયન ધારે, મદન મારે, બદન બહારે, છકેલી દીલદાર. રંગીલી,
પ્રેમીતું મારી પ્રાણાધારી દીસેછેપ્યારી પ્રેમીલીપ્રાણાધારરંગીલી.

ચંદા કેશરી— ગાયન ૩૪ મું,

આજ પતિ આનંદ ભારી;
પ્યારી તું મારી પ્રાણાધારી.
દિન પ્રતિદીન દાસી તારી;
વ્હાલી છો જીવનહાર તું મારી.

મનના માનીતા સ્વામી હું પામી;
સહાય થયા પ્રભુ અંતરજામી.
આશા પુરી મુજ અવિચલ નામી;
હર્ષની લહેરો રહી છે જામી.
પ્રાણુથી પ્યારી, જાવું હું વારી.
આનંદથી, ઉમંગથી.

સુરત છે તુજ શશીથી સારી;
મનહર મારી મન હરનારી,
સત્વર ચાલો પ્રાણુ પધારો.

ફક્કડસિંહ— ગાયન ૩૫ મું.

તેડી સ્વયંવરમાં નહીં એણે સત્કાર કીધો;
પરણી એ કેશરી ને મને ફીટકાર દીધો.
કેશરી કેમ કરી બેશસે હવે નિરાંતે;
પોતાને હાથેજ એણે વિષનો પ્યાલો પીધો.
ચનુદ જેનું નામ ચંદા, એ છે મને પ્રાણુ પ્યારી;
સિંહનો ખોરાક શિઆળે શું કરી લીધો.
મારૂ હું ઠાર કદી છાડુ નહિં હવે એને;
સુજાડુ સ્વર્ગનો રસ્તો હું એને સીધો.

કુકડસીંહ— ગાયન ૩૬ મું.

તોડું કેશરીનું હું ગુમાન
એનો કહાડું જાન, છે હેવાન, એ નાદાન.
કોણ માત્રછે કેશરી કંગાલ મુજ પાસે;
આ તલવારને એક ઝટકે જીવ એનો જાશે.
ભુત પેઠે ભમાવી ભૂલાવીશ ભાન.

કાકો ભત્રીજો— ગાયન ૩૭ મું.

આવો આવો કાકા વેલા શું રાંડુંપાડે ઘેલા ઉભોરે ઉભોરે
પેહેલા આવો મારા શેઠ
શેઠ કર્યો છે ભારી ભભકો નોકરને દીધોછે ઠપકો
શેઠ દીસે છે બેહેરા જેવા હાહાહાહાહા

ગાયન ૩૮ મું.

દિન આજનો આનંદકારી પ્રગટયો પુનમચંદ.
પ્રભુ પ્રતાપે ભારી— દીન.
રઇયતરાજી બહુ થાયે આનંદ અંગમાં નવ માય,
નાચેકુદેમલકાયમનમાં તનમાં જનમાંવરતીછેજયજય કારી દીન.

ચંદા— ગાયન ૩૯ મું.

પ્રેમે પુત્ર ઝુલાવું હું પારણે;
સ્થંભ સોના રેશમની દોરીએ. પ્રેમે.
આનંદ અતિશય ઉરમાં, મન તન બહુ મલકાય;

પામી પ્રભુ પ્રતાપથી, કોડીલો કુંવર કહેવાય. પ્રેમે.
રૂએ તોય રંજન કરે, હસે તો હર્ષ ન માય;
લાત મારે તે લાખની, લાડીલાની લેખાય. પ્રેમે.

કુકડસીંહ— ગાયન ૪૦ મું.

કરૂં ઠાર કરૂં ઠાર કેશરીને આ વાર,
મારૂં માર મારૂં માર એને પહોંચાડું જમદ્વાર,
મારા મનની માનીતી પરણ્યો એને પ્રીતીથી,
કરી આ કેવી અનીતિ છોડી રત્ન જન નીતી,
રઝડાવીશ એને હું જીતી જાણશે કે ચંદા ભોગવીતી,
સંહારી શત્રુને કરૂં ખ્વાર ખ્વાર ખ્વાર,

લશ્કર— ગાયન ૪૧ મું.

યુદ્ધ મેં અબ જાના હે, કેશરી ઉડાના હે,
નોકરી બજાના હે એૈક રંગસે,
ખેંચકે સમશીર કાટે સબકા શીર,
ભોંકી ભાલા તીર નીકાલી ગેં રૂધીર,
જંગકું જમાના હે ધુમધામસેં,

ચંદા— ગાયન ૪૨ મું.

પહોડો પ્રેમી પલંગે પ્યારા,
ચર્ણુ સેવા હું સ્વામી કરૂં મારા અંતરજામી,
ચાંદની રાત રહી જામી, જુઓને વીરામી,
શાન્તીથી સુવોને પ્રાણનાથ પ્યારા. પ્રેમી.

છોડીને મનની ભ્રાન્ત રાખીને તનને શાન્ત;
આરામ લ્યોને કાન્ત સુખ કરનાર. પ્રેમી.

અંક બીજો ખલાસ.

સરફર— ગાયન ૪૩ મું.

થયો છે વિજય ફુક્કડસીંહ મહારાજનો,
અતિ આનંદમય છે દીન આજનો,
તોડયો શત્રુ ભય શિરોમણી શીરતાજનો,
કર્યો પરાજય કંચનપુર રાજનો,

જંગલી માણસો— ગાયન ૪૪ મું.

આજે આનંદનો છે દિન આજે આનંદનો છે દિં,
ઠુંઠ જેવું જાડું બાવળનું જોઇને ઝાડ,
વાડહું કાપહું કુવાડેથી કર હું બબેફાડ— આજે.
લાકડાના ભારા બાંધી વેચી હું બજાર,
ખન ખન ખન ખન પૈહાલે હું હોના મહોર હજાર,
હમે થા હું શેઠ અમારાં બાયડી શેઠાણી,
ચોર હા કાપડુ રેહમી પેરી જાહે ભરવા પાણી. આજે.

ગાયન ૪૫ મું.

ફતેહસીંહ સુરસીંહ- પ્રધાનજી—

થયા શું મુજ પિતા કેદી, અહીં મુને છોડી. મુજ.

કાકા ક્યારે મળશે મુજને, તાત કેશરીસિંહ મારા;

છાનો રે હું લાવીશ પિતાને, આંખેથી આંસુન ઢાળ

કુમાર પ્યારા. મુજ.

માતા મુજ વીણ બહુ મુંઝાશે, જાશેએ વીણ પ્રાણ મારા;

આવશે સુરસેન માતપિતાંને તેડીને સત્વર રહો શાન્ત

આધાર અમારા મુજ.

ચંચળ દાસી— ગાયન ૪૬ મું.

બાઇ પાપીને હાથે ફસાઈ ગઇ;

ફસાઇ ગઇ દુઃખીઆરી થઇ. બાઇ.

ધક્કડસીંહના ક્રૂરેળી પંજામાં સુલક્ષિણા સપડાઇ ગઇ. બાઇ.

કેશરી કેદ કર્યા ચંદાને ફસાવી છોડાવું યુક્તી કરી કાંઇ.

ચંદા— ગાયન ૪૭ મું.

પ્રભુ મેં પાપ શાં કીધાં, વ્હાલાને વિખુટાં કરી દીધાં. પ્રભુ.

પતિથી અરે છુટી કરી, ફસાવી પાપીને હાથ;

બાળક રડવડતો હશે, હાય કોની સાથ. વ્હાલા.

તન મારૂં ચીરાય હાય, બળી બળી રાખ થાય;

પતિ અને બાળકવિના, ઝુરી થઇ ખાખ. વ્હાલા.

ફૂક્કડસીંહ— ગાયન ૪૮ મું.

મારી પ્રાણાધાર, તુજ નયન ધાર, તલવાર, સમ મુજને મારે;
છો રસીકનાર, મોહની ચીતાર, તુજ મદનમાર; મુજને મારે.
થઇશ સુખ ત્યાર, તાગે હજાર, દાસી આ વાર, કરૂં હું આજે;
ઝાંઝર ઝમકાર, કરી મહેલ મોઝાર, સુખી અપાર, પ્યારીતુંથાજે.
છો જીવનહાર, સમજીને સાર દોડી લગાર આવ મુજ પાસે;
આ બે સુમાર, વૈભવ વીસ્તારનીં ભોગવનાર પ્યારી તું થાજે.

ચંદા— ગાયન ૪૯ મું.

ધીક નીર્લજ નફ્ટ પાપી બોલ તું વીચારી;
છોડીને ધર્મ નહિં નીચ બન વ્યભીચારી;
બાંધ્યો કેશરીથી પ્યાર, એ છે મારો ભરથાર;
છોડ આ દુષ્ટ વીચાર, દયા રાખીને લગાર.
કર નહિં દુરાચાર, બન નહિં તું ગમાર;
નહિં તો થઇશ ખ્વાર, શાપ દઇશ હું આ વાર. ધીક.
કેશરીને છોડતું, એ છે મારો પ્રાણપતિ;
ફસાવી મને તેં પાપી, પાડી એનાથી ત્રિખુટી.
જુવે છે શું તું તો, મને નાખ મારી;
પતિથી રહે નહીં, કદી પત્ની ન્યારી.
નાખતું આ મારૂં, માથું ઉતારી;
મારીને મુજને, તલવાર તારી. ધીક.

ફુકડસીંહ— ગાયન ૫૦ મું.

માનીને પ્યારી, થા સુખીઆરી;
દઉં સર્વ મુખત્યારી, કરૂં પટરાણી મારી.
શાણી સમજ વીચારી, છો પ્રાણુથી પ્યારી;
દીલજાન જાન, તું મારી. માનીને

ફુકડસીંહ— ગાયન ૫૧ મું.

બઇઆન પકડ મોરીચો લીમુ સકાઇરે રાહુ.
દીસે આ પ્યારી મારી મનહરનારીરે.
ચંદ્ર સમમુખ દેખી જાવું વારી વારીરે. દીસે.
ચાલ એની હંસસમ કદળી જંઘા ભારીરે.
કટી કેશરી લજ્જિત સ્તનો ખુબીદારીરે દીસે.
રકતવર્ણું ઓષ્ટ જેના નાકસુ અણીઆળુરે.
ગાલ છે ગુલાબીલાલ, છુંદણું ત્યાં સારૂરે, દીસે.
મૃગચક્ષુ અણીદાર, લલાટ તેજ દારીરે.
શેષ ફેણુશીશ પરસેથી વેણુ સારીરે. દીસે.
બાહુ ગજ સુંઢ સમ, કોકીલ કંઠવારીરે.
દેખી તન તલસે મારૂં, મનોહર પ્યારીરે. દીસે.
આંખ પલકારા જાણે, વીજળી જબુકેરે.
ભ્રમર ધનુષ પેઠે, ચક્ષુપર ઝુંકેરે. દીસે.
ટીલડી લલાટ કંઠે મુકતા ફુળ હારરે.
કરસાડી ચુડી શોભે, અંગુણી શીંગાકારરે. દીસે.

ચંદા— M. B. P. ગાયન પર સું.
શું મુખથી બોલે વચન, દુષ્ટતું પાપી આજ અહિંરે.
તુજ શબ્દ સાંભળી ધ્રુજેતન, દુષ્ટ તું પાપી આસું વદેરે.
કેમ વીસારી તેં કુળની લાજ. દુષ્ટ.
તારી જીભ કેમ તુટી નવ જાય. દુષ્ટ.
આવું વદતાં હેરાન થઇ શકાય. દુષ્ટ.
હું શુરી ક્ષત્રાણી શુરવીર. દુષ્ટ.
તુને દેખી નહિં હારૂં દીલધીર. દુષ્ટ.
સત કટકા શરીરના થાય, તો સતીત્વ સત્ય નહિં ચુકેરે.
કદી રૂવે રૂવે કીડા પડે કાય. સતી.
આથી અદકાં પડે મુને દુઃખ. સતી.
નથી જોઇતું પાપી તારૂં સુખ, દુષ્ટ તું પાપી આ સું વદેરે.
તારા મહેલ બગીચા બળીજાય. દુષ્ટ.
તારી ભવિષ્ય બળી રાખ થાય. દુષ્ટ.
લે આવ તને ચખાડું સ્વાદ. દુષ્ટ.
ક્ષત્રાણી સામે શું કરે બકવાદ. દુષ્ટ.
ચંદા—કુકડસીંહ M. B. P. ગાયન પર સું.
અરે પાપી તું છે, મુજ પીતા સમાન.
પ્રાણથી પ્યારી, આધાર મારી. અરે.
નીર્લજ નફટ નહિ થા નાદાન.
પુત્રી હું તારી, બોલ વીચારી.

સમજ નહિ કાં, થઇ સુજાણ. અરે.

ચંદા ફુક્કડસીંહ— ગાયન ૫૪ મું.

લે પ્રાણ પાપી તું મારો, થઇશ પ્રાણપતિ હું તારો
શીરપર છે દુખનો ભારો કરતું મને સુખી યારો,
ઋ્યારો તારો. ઋ્યારો.
પાપી નીચ તું બન નહિં જારી, શિયળ વ્રત હું સાચવનારી,
તાબે નહીં તારે થનારી, નાખ ભલે તું મુજને મારી.
પેટમાં ભોંકીને કટારી, પણ નહીં કરતું દુખીયારી.
એમ કદી નહીં થાશે ઋ્યારી, તું તો જીવનહાર છો મારી.
પ્રીતીનું પાન કરાવ તું ઋ્યારી, રાજ્ય લક્ષ્મી આ છે સૌ તારી.
નિર્લજ નફ્ટ બોલ વીચારી નહીં તો થાશે ખચીત ખ્વારી,
છોડ મને દુષ્ટ વ્યભીચારી બીક પ્રભુની મનમાં ધારી,
પુત્રી સમાન ગણીને તારી, મેળવ કેશરીથી આ વારી,

ચંદા— ગાયન ૫૫ મું.

હરી હવે શું થાશે વ્રત મારૂં શું મુકાશે;
કેદ થયા છે કાન્ત કેશરી તેને કયારે મળાશે. હરી.
દુષ્ટ ફુકડે ફંદે ફસાવી સંકટ કેમ સેવાશે. હરી.

ચંદા— ગાયન ૫૬ મું.

દુખથી કયારે હાય છુટાશે
પરમ કૃપાળુ પ્રભુ કર સહાય મારી
સંકટ તુજથી જાશે. દુખથી.

સાખી.

પ્રાણપતિ ન્યારા થયા, પડયું દુખ અપાર.
પાપીના પંજા થકી, પ્રભુ તું ઉગાર.
આશા છે મને હવે, હરી એક તારી.
પતિને કયારે મળાશે. દુખથી.

ચંચળ— ગાયન ૫૭ મું.

દુખથીરે બાઈ પીડાય, કેશરી વીના કલ્પાંત કરીને
હૃદય એનું ચીરાય હાય. દુખથી.
હજારો દાસીની હતી સરદાર
તેતો બની હવે અહીં લાચાર
યુક્તી કરી છોડાવું એને ગણી જાવું અહીંથી પોબાર;
સત્વર કરૂં હવે તૈયારી, પણ તહીં નહીં પહોંચાય. હાય દુખથી.

સુરસીંહજી ગાયન ૫૮ મું.

કેશરી મુક્ત કરવામાં સાહે કરજે શ્રીહરી.
કંચન પુરના રાજ શિરોમણી કેદ થયા છે કેશરી.
આગળ પુકારે ચોપદાર ને પાછળ ઢળે છે ચમરી.
કંચન પુરના રાજ શિરોમણી કેદ થયા છે કેશરી.
યુદ્ધા હજારો હતા જેના જઈ બેઠા તે જેલ ઠરી.
અજબ કૃતિ છે ઇશ્વર તારી રાયને આપે રંક કરી.
ફકીરને બાદશાહી બતાવે જે પેટ ભરે છે ફેરી ફરી.
રાજ્યના રંગ રાગ રોપાયા છે જેના અંગમાં.

જેલનો જાપતો જોઈ, ઝાળ ઉઠે તનમાં.
કેશરી છોડાવી હવે નાશી જવું વનમા.
યુક્તી સારી સુઝાડ જે તું વાસી સ્વર્ગ ભુવનના.

કેશરી—સુરસીંહ— ગાયન ૫૯ મું.

જોઇ મીત્રતુજ મીત્રાઇ, જાય આનંદ ઉભરાઇ.
દોસ્ત દુનીઆમાં દેખુ નહિં, તુજ સામો ભાઇ.
મેં મીત્રનો ધર્મ બજાયો, ભાઇ તુરત અહીં આવ્યો.
કેદથી મુક્ત કરાવીને, દોસ્તીનો દાવો જણાવ્યો.
ધન્ય દોસ્ત મારા દીલજાન, માનું તારૂં એહેશાન
કપટ જાળથી છોડાવી મેળવ્યું મોટું માન.

કેશરી— ગાયન ૬૦

પ્રભુ તેં આવી દશા શું કરી પ્યારી મારી.
બહુ દુ:ખીયારી, થઇ હશે હે હરી. પ્રભુ.
લાખુ નોકર જેહના તે જંગલ મોઝાર.
રઝળે આજે એકલો, લઇ મીત્રનો આધાર. પ્રભુ.
કુમાર ફતેહસિંહને, ચંદા કયાં હશે.
કરી કેશરી કેશરી, જીવ એનો જશે. પ્રભુ.

સુરસીંહજી ગાયન ૬૧ મું.

સાહે કરશે શ્રીમોરારી વારે ચડી સુખકરી.
દુ:ખ હરી દેશે સંકટ નીવારી. સાહે.
શોક છોડો સજો શાન્તી, ધીર ધરો તજો ભ્રાન્તી.
કદ્યાંતથી કેવી કાંન્તી, બદલાઈ છે તમારી. સાહે.

ચંદા— ગાયન ૬૨ મું

અરે આશું થાય શોર શાનો સંભળાય.
ન કાંઇ સમજાય, જગ્યા છે ચમત્કારી.
જીવ બહુ ગભરાય ધડ ભાંગમન થાય.
કરશે કોણુ સહાય હાય હવે હું હારી.
કરવો શો ઉપાય, અહીંથી કહી જવાય.
મન મારૂં મુઝાય થઇ દુઃખીઆરી.
પ્રભુજી લાગું પાય બચાવે તો બચાય.
નહિંતો જીવ જાય, વારે ચડ મોરારી.

ગાયન ૬૩ મું.

દૈત્ય—છોડ તું ગુમાન પ્યારી માન કહ્યું માન
ચંદા— દુર દુર દુર
છો દીલજાન તું નાદાન મારી.પ્રાણુ તું સુજાણુ.
પાપી બોલ વીચારી નીચ થા નહિં તું જારી.
મારી પ્રાણુ પ્યારી થઇ થા અતી સુખીઆરી.

ચંદા— ગાયન ૬૪ મું.

કહું કર્મ કથા શું મારી થઇ આપથી જ્યારે ન્યારી
હાય હાય ના સહેવાય દુષ્ટ કુક્કડસીંહને હાથ
ફસી મહારાજ થઇ દુઃખીયારી—કહું
કુદ્રષ્ટી કરી પાપીએ વ્રત તોડવા વીચાર
હાવ ભાવથી ભોળવી બતાવ્યો અતીશય પ્યાર
તોયે માની નહીં તેં વારી આપી બીક કે નાખીશ મારી. હાય.

કરી કેદ મને એ પાપીએ એક દંડા મહેલ મોઝાર,
છોડાવી ત્યાંથી મુજને દાસીએ ત વાર;
છુટીને આવી હું વનમાં આશા આપને મળવા તનમાં હાય.
વળી રાક્ષસી પંજામાં ફસી અહીં ભારી,
રાક્ષસ મારી દાસીએ મુજને ઉગારી,
કહી વીતેલી વીસ્તારી મળી પ્રાણનાથથી પ્યારી. હાય.

કેશરી-ચંદ્રા— ગાયન ૬૫ મું.

હાય થઇ દુઃખી તું ભારી, મુજ માટે પ્રાણથી પ્યારી
થઇ દુર્દશા બહુ તારી. હાય.
લખ્યા લેખ ટળે નહિં ટાળ્યા, થાઓ શાન્ત સ્વામી મારા.
મળ્યાં દંપતી દુઃખ થયાં ન્યારાં. લખ્યા.

ફતેહસીંહ— ગાયન ૬૬ મું.

કરૂં હવે શત્રુનો સંહાર, ચાલો કાકા જઇએરે. કરૂં.
ફક્કડસીંહને જાનથી મારી, પાડું પૃથ્વી મોઝાર. ચાલો.
મુજ પિતાને કેદ કરીને આપે છે દુઃખ અપાર. ચાલો.
રોમ રોમ શુર વ્યાપી ગયું છે અરી ઉડાવું આ વાર. ચાલો.
રણમાં રોળીને રઝળાવું મારી મ્હારી તલવાર. ચાલો.

ફક્કડસીંહ— ગાયન ૬૭ મું.

કયાં છે તારો કેશરી કયાં ફક્કડમીંહલાલ,
મુજ સ્વરૂપના તેજમાં કેશરી કંગાલ;
જઇ પડયો છે જેલમાં કેદી થઇને હાલ,
તેથી દૂર કરી કેશરી કર મુજથી હસ્ત મેળાપ;

ગાલ છે ગુલાબી ગોરા ઝીણા કાળા બાલ,
કટિની કમાન તારી પ્યારી ભૂલાવે ભાન;
હું આશક છું જોઇ ચંચળ ચતુરા ચાલ. ગાલ.

અંદા— ગાયન ૬૮ મું.

કેશરી મારે ક્રોડનો તું કોડીનો તેર,
માટે મુક્ત કરતું મને કરીને મુજ પર મ્હેર;
ઇશ્વર પાસે ન્યાય છે નથી ત્યાં અંધેર,
સત્યના બેલી સૌ ક્રુરને આપે ઝેર;
થા દુર નફ્ટ નીર્લજ તું નાદાન,
સતાવ નહી સતીને છોડ મારા પતિને;
ઉતારશે તારૂં પ્રભુજી ગુમાન. થા દુર.

ફતેહસીંહ— ગાયન ૬૯ મું.

પ્રીય કાકા તમે રજા આપો ક્રુપા કરી;
ફક્કડસીંહ સામો જવા હોંશ મ્હેં ધરી,
શત્રુને ત્રસાડી વાળું મુજ પિતાનુ વેર;
જંગ મચાવું તેની સામા લેવા આપણું વેર. પ્રીય.

સુરસીંહ—હજુ પુત્ર તું છે બહુ નાનો યુદ્ધમાં શું સમજે;
માટે આજ્ઞા આપું નહિં હું શાંતી મન ધરજે.
પ્રીય પુત્ર તમે આ શું વદો વખત ઘણો હજુ માટે વાત જવા દો.
ફતેસીંહ—કાકા મારા આમ વદો શું વીચાર્યા વીણ વાત;
કીડી નારી નબળી જાતી કરે હાથીની ઘાત. પ્રીય.

જબરો હાથી અંકુશ નાની તેનાથી વશ રહે;
બાળુડો વીંછુ ડંખ મારી ઉપજાવે દીલ ખેદ. પ્રીય.
રજ ધુળ ઉડી ચક્ષુ માંહી અંધ બનાવી દે;
ક્ષત્રી બચ્ચો થઇને એનાથી ડરવાનો કે. પ્રીય.

લશ્કર— M. B. P. ગાયન ૭૦ મું.

સજ થઇ શુરવીર કમાને ચડાવી તીર,
કાપી શત્રુઓના શીર કાડો જાન જાન;
જણાવો જુવાની જોર મોટો મચાવી શોર,
તોડીને શત્રુનો દોર મેળવજો મોટું માન માન
મ્યાનથી ખેંચો બહાર ચમકાવો તલવાર,
કરીને અરીને ખ્વાર ફતેહનું ચડાવો નીશાન. નીશાન

કેશરી— ગાયન ૭૧ મું.

બક બક બંધ કર પાપી દુર થા,
દુર તું અસુર નાહિં બન અતિ ક્રુર;
નહીં તો નાખીશ હું મારી, જાણુ થશે તારી,
માટે મનમાં વીચારી ચુપ ચાલ્યો જા. બક.
છુઠ તુ નાદાન જો બનીશ હેવાન, તો ખોઇશ તારો જાન;
તેનું રાખજે તું ધ્યાન જારે જા બાયલા દુર દુર દુર થા. બક.

કેશરી-ચંદા— ગાયન ૭૨ મું.

પ્રભુ જાન જાશે આજે અમારી સત્યને માટે સુખ સૌ નીવારી.
પ્રાણપતી થયા મુજ માટે દુઃખીઆ;
સંકટ સહ્યું અતિ શીર ભારી. પ્રભુ.

પ્યારી ચંદાના મનમાં મુંઝાતું;
કર્મના લેખની છે ગતી ન્યારી. પ્રભુ.
મુજને પરણી થયા નહીં સુખી;
પણ દુઃખી દુઃખી અવસ્થા તમારી. પ્રભુ.
સુખ કે દુઃખ પ્યારી પ્રભુજી નીમે છે;
સત્યની સ્હાય પણ કરે શ્રી મોરારી. પ્રભુ.
શંભુ સુતા કેમ કૈલાસ જઇને;
વિશ્ણુ ગયા વૈકુંઠ પધારી. પ્રભુ.
બ્રહ્માએ બ્રહ્મ લોક ગમન કીધું;
આહીં સત્ય માટે મરે નરનારી. પ્રભુ.

ફતેહસિંહ— ગાયન ૯૩ મું.

થયો અતી આભાર કાકા આપનો;
સ્હાય અમારી કીધી ભારી કર્યા ઉપકારી માત તાત પુત્રને. થયો.
દાસી ચંચળ ચતુર નીમકહલાલ નીવડી;
સુરસેનને પ્રધાન પ્રતાપે આજની આનંદ ઘડી. થયો.

કેશરી—ચંદા—ફતેહસિંહ—સુરસીંહ. ગાયન ૯૩ મું.

કરીએ પ્રભુજી પ્રણામ પ્રીતેથી કરીએ પ્રભુજી પ્રણામ;
સુખના કરતા દીનદયાળુ સૌ સ્થળે તુજ ધામ. પ્રીતેથી.
અમ દુખ હરીને સુખ તું કરજે સાય કરો સૌ કામ. પ્રીતેથી.
આપ કૃપાથી પાછા મળીયાં દીનબંધુ આ ધામ. પ્રીતેથી.
હે જગ પાળક દીન દુખ ટાળક હોંશથી લઇએ નામ. પ્રીતથી.

M. B. P.

મહારાજા કેશરી સિંહનો પુત્ર ફતેહસિંહ માત પિતાને

છોડાવી ગાદીએ બેસે છે તે વખતે થતો ગરબો તથા નાચ.
સ્થળ કચેરી રાજ્યાભિષેક.

નાયકાઓ— ગાયન ૭૪ મું.

કાલા હિંસોછો કાનજીરે કામણગારા, ચિત્ત ચોરી ચાલ્યા.
મારી નયનનો બાણુરે કામણગારા, ચિત્ત ચોરી ચાલ્યા.
જુરે ગોવાલણુ, જમુનાને તીરે,કીધી અધીરી જસોદાના વીરે.
મોહન મારા પ્રાણુ, અંતરમાં છો વસિયા.

સાખી.

લાલચમાં લપટાઇ છું, ખુટે નહીં કેમ રાત.
વિયોગમાં હું ટળવળું, બેસું જોતી વાત.
સંગ શૈયાપર સ્યામ છબિલા.
લીઓ લલિતા લ્હેજત લાલા.
કપટી કાળા કાન વાલમ છો રંગ રસીયા. કાલા.

વારાંગના— M. B. P. ગાયન ૭૫ મું.

તે રાજીયા ચાહે. નજર હમસે જોડલે (૨)
તે રાજીયા ચાહે, જો હમસે મીલાનકો.
તો ભાઇ ભત્રીજા કું છોડદે. તેરા.
તે રાજીયા ચાહે જો હમસે મીલાનકો.
તો ઘરકી લુગાઇયા કું છોડદે. તેરા.

M. B. P.

સમાપ્તેઽયં ગ્રન્થઃ

રેચની ફાકી વેચનાર.

રા. રા. માણેકલાલ વરજસુખરામદાસ. શાહ.

પડીકા એકની કીં. એક પૈસો. ઠેકાણું ગાંધી બજાર, ઝુંડા

કોલેરા વીગેરે મટાડનાર, વ્યાધિ ચોરાશક.

ડૉકટર સાહેબ. રણછોડલાલ મનસુખરામ.

વૈદ્યશાસ્ત્રી પેટલાદ ઠે. જીવા મહેતાના પીપળા આગળ

ધાતુપુષ્ટીની દવાની ગોળીઓ વેચનાર. રા, રા. ગોરધનદાસ પીતામ્બરદાસ પુરોહિત. બત્રીસ ગોળીની ડબીની કી. ૮ આના. આ બુક પણ મળશે. ઠેકાણું આફુર—પેટલાદ—વડ કુવા.

ચોપડીઓ મળવાનાં ઠેકાણાં.

મગનલાલ ભાઇશંકર શાસ્ત્રી. નાગર કુવા—પેટલાદ.

મણીશંકર બહેચરલાલ. પંડિત. મુ. પેટલાદ.

વ્યાસ વાડામાં રાધા કૃષ્ણજીના મંદીરમાં.

માર્ગોપદેશિકાનું ગુજરાતી ભાષાન્તર—સંસ્કૃત ગુર્જર વાક્યાવલી કીં. ૦—૪—૦ વિદ્વજ્જન ગોષ્ટી કીં. ૦—૧—૦ તથ લઘુ સ્તોત્ર સંગ્રહ કીં. ૦—૧—૬ તે ઉપલે સ્થળેથી મલશે.

પુસ્તકનું પોસ્ટ ખર્ચ જુદું.